---

**:: આંક–૫ ની અરજી લગત હુકમ ::**

---

૧. સાંભળ્યા, અરજી તથા દાવા નું રેકર્ડ વંચાણે લીધું. હાલ ની અરજી વાદી તરફે સી.પી.સી. ઓર્ડર–૩૯, રુલ–૧,૨ તથા કલમ–૧૫૧ અન્વયે કામચલાઉ મનાઈ હુકમ મેળવવા કરેલ છે.

૨. વાદીના દાવા/અરજી ની ટુંકમાં હકિકત એવી છે કે,

૨.૧. ઝાલોદ તાલુકા ના પડીમહુડી ફળીયામાં આવેલ રે.સર્વે નં.૭૮૮/૧/૧ તથા રે.સર્વે નં.૭૮૮/૧/૨ વાળી ખેતી ની જમીન વાદીઓ ની સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટા ની આવેલ છે. સદર જમીન ની પૂર્વ દિશાએ દક્ષિણ થી ઉત્તર તરફના ભાગે દક્ષિણ તરફ ના ખુણા ઉપર આ કામના પ્રતિવાદી નં.૧ નાએ આશરે ૩૦ ફુટ જમીનમાં દબાણ કરેલ ની જાણ થતા વાદીએ ડી.આઈ.એલ.આર. કચેરી મારફત માંપણી કરાવેલ. જેમાં પ્રતિવાદી નં.૧ નાનું દબાણ રેકર્ડે આવેલ છે.

૨.૨. જેથી વાદીએ પ્રતિવાદીને દબાણ હટાવી લેવા જણાતા દબાણ હટાવી લેવા ની બાયધરી આપેલ. તેમ છતાં પ્રતિવાદી નં.૧ નાએ જમીનમાં દબાણ કરવા સારુ ખોદકામ કરતા તેઓને વાદીએ રોકવા જતા પ્રતિવાદી તથા તેમના કુટુંબીઓએ ઝઘડો તકરાર કરી ધમકી આપેલ. જેથી પોલીસ ફરીયાદ કરવા છતાં પ્રતિવાદીઓ તેમનું બાંધકામ ચાલુ રાખેલ હોય તેઓને અટકાવવા જરૂરી હોઈ જેથી દાવો લાવી હાલ ની અરજી કરી કામચલાઉ મનાઈ હુકમ ની માંગણી કરેલ છે.

૩. પ્રતિવાદીને દાવા તથા મનાઈ અરજી નો સમન્સ તથા નોટીસ બજતા તેઓ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૧૭ થી જવાબ/વાંધા રજુ કરેલ છે.

૩.૧. જેમાં મુખ્યત્વે વાદી ની અરજી ની હકીકત નો ઈન્કાર કરેલ છે અને જણાવે છે કે, વાદી હાલનો દાવો ખોટી હકીકત ઉપજાવી કાઢી લાવેલ છે. તેમજ વાદી સત્ય હકીકત છુપાવી હાલનો દાવો લાવેલ હોય રદ કરવા અરજ કરેલ છે.

૩.૨. વધુમાં જણાવે છે કે, વાદીએ હાલના દાવામાં જે ખુંટ વર્ણન ખોટા દર્શાવેલ છે .જે વાદીએ પુરવાર કરવા જોઈએ. તેમજ વાદીની જમીનમાં પ્રતિવાદીએ કોઈ દબાણ કરેલ નથી કે ડી.આઈ.એલ.આર. બારીયા દવારા માંપણી કરતા તેવું કોઈ દબાણ રેકર્ડ પર આવેલ નથી.

૩.૩. તેમજ જણાવે છે કે, પ્રતિવાદી ની રે.સર્વે નં.૭૮૮/૧/૨ + ૨/૨ વાળી જમીનમાં પશ્ચિમ દિશાએ પ્રતિવાદીઓના વર્ષો જુના કાચા મકાનો આવેલ જે મકાનો અમારા બાપદાદા વખત થી આવેલ છે જેથી વાદીએ દાવાવ અરજીમાં પેરા–૨ માં કરેલ આક્ષેપ બિલકુલ ખોટો અને ઉપજાવી કાઢેલ છે. જે મકાનનો નો વેરો પણ પ્રતિવાદી ભરતા આવેલ છે.

૩.૪. વધુમાં જણાવે છે કે, પ્રતિવાદી નું મકાન જુનુ અને જર્જરીત હોય સરકારીશ્રી ની યોજના મુજબ પ્રતિવાદીએ પ્રધાન મંત્રી આવાસ યોજના નું ફોર્મ ભરેલ અને સરકારશ્રી ના નિયમ મુજબ અધિકારીઓ સ્થળપર ખાત્રી કરી અમારી માલીકી ની જમીન હોઈ મંજુર કરેલ છે. જે મુજબ મકાન બનાવતા આવેલ છે. વાદીને પ્રતિવાદી ની જમીનમાં થતુ બાંધકામ રોકવાનો કોઈ હકક કે અધિકાર ન હોવા છતાં ખોટી તકરાર કરેલ છે. વાદી નો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી કે સગવડ અગવડ નું ધોરણ પણ તેઓના લાભમાં નથી, વાદીએ માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને સરકારશ્રી દવારા નિયમસર ખરાઈ કરી મંજુર કરેલ આવાસ યોજના રદ જાય. જેથી વાદી ની અરજી રદ કરવા અરજ કરેલ છે .

૪. હાલના દાવા ના કામે વાદી તરફે માર્ક ૩/૧ ખાતા નં.૪૫૮ ના ગામ નમુના નં.૮–અ ની નકલ, માર્ક ૩/૨ થી રે.સર્વે નં.૭૮૮/૧/૧ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ, માર્ક ૩/૩ થી રે.સર્વે નં.૭૮૮/૧/૨ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ, માર્ક ૩/૪ થી રે.સર્વૈ નં.૭૮૯/૧/૧ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ, માર્ક ૩/૫ થી ૭૮૯/૩ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ, માર્ક ૩/૬ થી રે.સર્વે નં.૭૯૦/૧ ના ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ, માર્ક ૩/૭ થી પ્રતિવાદી ના ખાતા નં.૪૫૯ ના ગામ

નમુના નં.૮– અ ની નકલ, માર્ક ૩/૮ થી રે.સર્વે નં.૭૮૮/૧/૨ + ૨/૨ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ, માર્ક ૩/૯ થી દાવાવાળી જમીનની ડી.આઈ.એલ.આર. દે.બારીયા મારફતે કરાવેલ માંપણી ના નકશા ની નકલ, માર્ક ૩/૧૦ થી વાદીએ ઝાલોદ પો.સ્ટે.માં આપેલ ફરીયાદ ની નકલ, માર્ક ૩/૧૧ થી વાદીએ ઝાલોદ પો.સ્ટે.માં પ્રતિવાદી વિરુધ્ધ આપેલ ફરીયાદ ની નકલ રજુ કરેલ છે. તેમજ માર્ક ૨૧/૧ થી દાવાવાળી જમીન ના માંપણી ના નકશા ની નકલ, માર્ક ૨૧/૨ થી ચીફ ઓફીસર નગરપાલીકા ઝાલોદને કરેલ અરજી ની નકલ રજુ કરેલ છે.

જ્યારે પ્રતિવાદી તરફે માર્ક ૧૮/૧ થી પ્રતિવાદી ના પિતા ના રે.સર્વે નં.૭૮૮ વાળી જમીન ના ૭/૧૨ સને ૧૯૯૩–૯૪ ની નકલ, માર્ક ૧૮/૨ થી પ્રતિવાદી ના પિતાના ઘર વેરા ની પાવતી, માર્ક ૧૮/૩ થી પ્રતિવાદી ના પિતાના સને ૧૯૯૪ ના ખાતા નં.૨૦૨ ના ગામ નમુના નં.૮–અ ની નકલ, માર્ક ૧૮/૪ થી પ્રતિવાદી ના પિતાના સને ૧૯૮૪ ના ખાતા નં.૨૦૨ ના ગામ નમુના નં.૮–અ ની નકલ, માર્ક ૧ ૮/૫ થી ઘર વેરા ના બીલ રજુ કરેલ છે.

૫. ઉપરોકત હકિકતે અત્રેની અદાલત ના ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું વાદી સાબીત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨. શું વાદી સાબીત કરે છે કે, સગવડતા–અગવડતાની સમતુલા તેઓની તરફેણમાં છે ?

૩. શું વાદી સાબીત કરે છે કે, તેઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેઓને નાંણામાં બદલો ન વળી શકે તેવું નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓના અત્રે ની અદાલત ના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

૭. ઉપરોકત નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે ::–

**–:: કારણો ::–**

**મુદ્દા નં.૧ થી ૩ :–**

૭.૧. આ કામે ઉપર ઉદભવેલા મુદ્દા નં.૧ થી ૩ પરસ્પર એકબીજા ઉપર આધારીત હોઈ પુરાવાનુ બિનજરૂરી પુનરાવર્તન ના થાય તે સારૂ ત્રણેય મુદાની ચર્ચા એક સાથે કરવી સુગમ અને સરળ હોઈ ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

૭.૨. વાદી તરફે વિ.વકીલશ્રી પી.એસ.પારીકની દલીલ ધ્યાને લેતા મુખ્યત્વે અરજી ની હકીકતને વળગી રહેલ છે. નવી કોઈ હકીકત જણાવેલ નથી. જયારે પ્રતિવાદી વિ.વકીલશ્ર પી.ડી.ભાટીયાની દલીલ ધ્યાને લેતા આંક–૧૭ થી રજુ રાખેલ જવાબ ની હકીકતને વળગી રહેલ છે. નવી કોઈ હકીકત જણાવેલ નથી.

૭.૩. આમ, વાદીની આંક–૫ ની અરજી માં મુખ્યત્વે માંગવામાં આવેલ દાદ ધ્યાને લેતા અરજી પારા–૫ માં જણાવ્યા મુજબ દાવાવાળી રે.સર્વે નં.૭૮૮/૧ તથા રે.સર્વે નં.૭૮૮/૧/૨ વાળી જમીનમાં પ્રતિવાદી નં.૧ ના દક્ષિણ તરફ ના ભાગમાં ગેરકાયદેસર બાંધકામ કરી દબાણ કરે કરાવે નહી તેવો દાવા ના આખરી નીકાલ ન આવે ત્યાં સુધી નો કામ ચલાઉ મનાઈ હુકમ મળવા માંગણી કરતી દાદ માંગેલ છે.

૭.૪. આ કામે ઉભયપક્ષે અરજી ના કામે કરવામા આવેલ દલીલ, દાવા નું રેકર્ડ વંચાણે લેતા આ કામે પક્ષકારો વચ્ચે એ બાબતે તકરાર નથી કે, દાવાવાળી જમીન વાદીઓ નામે રેવન્યુ રેકર્ડે ચાલે છે. તેમજ આ કામે પક્ષકારો વચ્ચે ની તકરાર ધ્યાને લેતા દાવાના કામે પુરાવો નોધવો જરૂરી જણાય છે અને પુરાવો રેકર્ડ કર્યા પહેલા દાવાના કામે વાદી ની જમીનમાં પ્રતિવાદીએ દબાણ કરે છે કે, કેમ ચોકકસ નકકી થઈ શકે નહી. વધુમાં પ્રતિવાદી તરફે લેવામાં આવેલ તકરાર ધ્યાને લેતા પ્રતિવાદી સરકારશ્રી ની

યોજના અન્વયે મકાન નું બાંધકામ કરી રહેલ હોવાનું જણાવેલ છે.

૭.૫. જેથી પુરાવો નોધ્યા પહેલા વાદી તરફે અરજી ના કામે માંગવામાં આવેલ દાદ મંજુર કરવામાં આવે તો વાદીને નહી પરંતુ પ્રતિવાદીઓને નાંણામાં ન માણી શકાય તેવું નુકશાન થાય તેવું આ અદાલત માને છે. આમ વાદી નો પ્રથમદર્શનીય કેસ અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદી ની તરફેણમાં નહી હોવાનું અદાલત માને છે. તેમજ સગવડતા–અગવડતા ની સમતુલા અને નાંણામાં બદલો ન વળી શકે તેવું નુકશાન અનુસંધાને વાદી ની હાલ ની અરજી ની હકીકત જોવામાં આવે તો જેથી મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપી અને મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

૧. વાદીની હાલ ની આંક–૫ ની અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

૨. સદર અરજી નું ખર્ચ દાવાના ખર્ચના આખરી હુકમને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૧૩મી માંહે ઓગષ્ટ સને ૨૦૨૧ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ઝાલોદ.
તા.૧૩.૦૮.૨૦૨૧.

(મુકેશ વિનોદરાય પંડયા)
અધિક સીવીલ જજ,
ઝાલોદ.
(UIC NO.GJ 01253)